# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : સોમવાર, ૨૭ એપ્રિલ ૨૦૨૦ |
| સમય | : સવારે ૧૧-૦૦ કલાકે |
| સ્થળ | : વીડિઓ કોન્ફરન્સિંગ |

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૨૦ એપ્રિલ, ૨૦૨૦

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા સોમવાર તા. ૨૭-૪-૨૦૨૦ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને video conferencing થી નીચેના કામકાજ માટે મળશે.

**: એજન્ડા :**

| | આઇટેમ | વિગત | પાના નં. |
|---|---|---|---|
| I | | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | |
| | ૧. | તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ મિટિંગ COVID-19 ના હિસાબે લોક-ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ મુલત્વી રાખેલ મિટિંગ તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ મળી હતી. આ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૨ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ ૨૦૨૦ દરમ્યાન) | ૧૩ |
| | | ૨.૨ ૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૩ થી ૧૪ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | --- |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૫ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૫ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૫ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્ક્રુટિનીની સમિતિના અહેવાલની મંજુરી માટે. | |
| | ૫. | આગામી ચૂંટણીના અનુસંધાને નિવૃત્ત થતા સભ્યોની યાદીની જાણ કરવા. | |
| | ૬. | કોરોના વાયરસને કારણે વેપાર-ઉદ્યોગના ઉપસ્થિત થયેલ પ્રશ્નોની ચર્ચા કરવા. | |
| | ૭. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૮. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,
આપનો વિશ્વાસુ,

તન્મય મહેતા
*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

| | | |
|---|---|---|
| મિટિંગ નં. | : | ૧૦/૨૦૧૯-૨૦ |
| તારીખ | : | ૧૪-૪-૨૦૨૦ |
| સ્થળ | : | કોન્ફરન્સ રૂમ |
| પ્રમુખ | : | શ્રી દુર્ગેશ બુચ |

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- પ્રમુખશ્રીએ video conferencing થી યોજવામાં આવેલ આ મિટિંગમાં ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કારોબારી સમિતિની માર્ચ માસની માસીક સભા તા.૩૧-૩-૨૦૨૦ના રોજ રાખવામાં આવી હતી પરંતુ કોરોના વાયરસ COVID-19 ને લીધે લોક-ડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ કારણોસર સભા મુલત્વી રાખવામાં આવી હતી જે મિટિંગ તા. ૧૪-૪-૨૦૨૦ના રોજ video conferencing થી કરવામાં આવી છે.
- સભાનું સંચાલન કરવા પ્રમુખશ્રીએ સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલને વિનંતી કરી હતી. સભાના પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે સૌ સભ્યોને આવકાર્યા હતા.
- મિટિંગનું સંચાલન સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે કર્યું હતું. તેમણે સમિતિના સૌ સભ્યોને આવકારતા કોરમ થઇ ગયું છે તેમ જણાવ્યું હતું.
- ઉપસ્થિત સૌ સભ્યોએ video conferencing થી કરવામાં આવેલ મિટિંગ અંગે હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.
- કારોબારી સમિતિની મિટિંગ શરુ થઇ ત્યારે કારોબારી સમિતિના ૬૬ સભ્યો અને ૫ ઓફીસ બેરર્સ હાજર રહ્યા હતા અને બીજા સભ્યો મિટિંગમાં જોડાવવાનું ચાલુ હતું તેમ પ્રમુખશ્રીએ સમિતિના સભ્યોને જણાવ્યું હતું.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ છે તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

**આથી તા. ૨૬-૨-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.**

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૪ ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો અને તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન તથા વીઝા રેકમન્ડેશન લેટર્સ અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

➢ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ શ્રી એ. વી. શાહ સાથે પર્યાવરણના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો માનદ્-ખજાનચી શ્રી પથિક પટવારીએ સમિતિના સભ્યોને આપી હતી.

➢ શ્રી પથિકભાઇએ જણાવ્યું હતું કે આ મિટિંગમાં ઔદ્યોગિક ઘન કચરાના નિકાલ બાબતે જમીન ફાળવવા બાબતે એસીડ ન્યુટ્રીલાઇઝેશન અંગે, કારખાનામાં થતા અકસ્માત સમયે થતી કાર્યવાહી બાબતે, યુનિટોને અપાતી ક્લોઝર નોટીસ બાબતે, NGT ના ચાલતા કેસમાં CEPI સ્કોરની ખોટી રીતે કરાતી ગણતરી અંગે તથા GPCB દ્વારા ઉત્પાદનમાં પ્રતિબંધ કરવામાં આવેલ ૧૧ ડાઇ ઇન્ટરમીડીયેટ્સ જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

➢ આ મિટિંગની વધુ વિગતો શ્રી યોગેશ પરીખે આપી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ, ૨૦૨૦ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

૩.૨ પ્રમુખશ્રીએ તા. ૧૫ ફેબ્રુઆરી થી ૧૫ માર્ચ, ૨૦૨૦ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

➢ શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે GCCIની સ્ક્રુટિની કમિટિના સભ્યો દ્વારા નવા સભ્યો અંગે ઓનલાઇન સ્ક્રુટિની કરી હતી. દરેક સભ્યોને દરેક ફોર્મ વિગતો સાથે સ્કેન કરીને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા હતા. સ્ક્રુટિની સમિતિના સભ્યો દ્વારા નવા સભ્યો અંગે કુલ-૧૩ અરજીઓ આવી હતી તે તમામ ૧૩ અરજીઓને મંજુર કરી કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરી હતી. સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના ફેરફાર અંગે કુલ-૬ અરજીઓ મળી હતી તે તમામ ૬ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.

➢ વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે તા. ૩૧ માર્ચ સુધી જે પણ ફોર્મ આવ્યા હતા તે તમામને ૧લી એપ્રિલ-૨૦૨૦ થી મતદાર યાદીમાં ઉમેરવામાં આવશે. આ અંગે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

**ઠરાવ નં. ૨**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી નવા સભ્યો અંગે જે ફોર્મ આવ્યા છે તેની સ્ક્રુટિની સમિતિએ ચકાસણી કરી કારોબારી સમિતિને ભલામણ કરેલ છે તેવી કુલ-૧૩ અરજીઓને એનેક્ષર-બી મુજબ મંજુર કરવામાં આવે છે અને તેઓનો ૧લી એપ્રિલથી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવે છે જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિ ના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૬ અરજીઓ મળી હતી તે તમામ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૫**

➢ કોરોના વાયરસને કારણે વેપાર-ઉદ્યોગ ઉપર પડેલી વિપરીત અસરોની ચર્ચા કરવામાં આવી હતી.

- શ્રી મોહનીશ ભલ્લાએ ઇન્ડસ્ટ્રીઝના કામદારોને પગાર આપવા માટે જીએસટી રીફંડને તાત્કાલિક આપવા જોઇએ અને તે અંગેની સરકારમાં રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિમાંશુ વ્યાસે કામદારોના પગાર માટે ઓછા વ્યાજની લોન સરકારે આપવી જોઇએ તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કામદારોના પગાર અંગે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે જેમાં વર્કરોને દિવસના ૨૦૨/- રૂપિયા લેખે અને બાકીના તમામ કર્મચારીઓને રૂ.૧૫,૦૦૦/- આપવા અંગેની મંજુરી માટે રજૂઆત કરેલ છે અને આ તમામ રકમને ટેક્ષમાંથી બાદ આપવા પણ રજૂઆત કરવામાં આવી છે.
- શ્રી પ્રફુલ્લભાઇ તલસાણીયાએ બેન્કમાં ત્રણ મહિના સુધીના હપ્તાને ડીલે પેમેન્ટની મંજુરી આપી છે તેમા ૬ માસ સુધી આપવા અંગે રજૂઆત કરવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે સ્લો-ડાઉન અને લોક-ડાઉન ને લીધે ઉદ્યોગોની જે ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ છે તેને ધ્યાનમાં લઇને, લીકવીડીટી અને સરપ્લસ ના સંજોગો ઉભા થયા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઇને ૨૦૨૦ ના આખા વર્ષ માટે રજૂઆત કરવામાં આવશે.
- શ્રી પ્રફુલ્લભાઇએ કર્મચારીઓના પગાર માટે બેન્કોએ ૨૫% વધારે લોન આપવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે રીજનલ ચેમ્બર સાથે એક video conferencing મિટિંગ કરવામાં આવી હતી અને તેમના વિસ્તારના વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની જે રજૂઆત કરવામાં આવી હતી તેની પણ સરકારમાં અને વિવિધ વિભાગોમાં રજૂઆત કરવામાં આવશે.
- શ્રી કિરીટભાઇ શાહે ચેમ્બરના સભ્યોની રીન્યુઅલની છેલ્લી તારીખ 30 એપ્રિલ, ૨૦૨૦ને બદલે તા.30 મે, ૨૦૨૦ સુધી લંબાવવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- વધુમાં શ્રી કિરીટભાઇએ COVID-19 ને લીધે ઉભા થયેલ વેપાર-ઉદ્યોગના પ્રશ્નો રીજનલ ચેમ્બર, FICCI, CII અને PHD ચેમ્બર જેવી સંસ્થાઓએ તૈયાર કરેલા પ્રશ્નોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારના પ્રશ્નોની યાદી અલગ-અલગ તૈયાર કરી રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.

- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ આ કાર્યવાહી ચાલુ હોવાનું જણાવ્યું હતું.
- રીન્યુઅલ ફીની તારીખ લંબાવવા માટે શ્રી કિરીટભાઇએ કરેલ રજૂઆતના અનુસંધાનમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ૩૦ એપ્રિલ પછી જો તારીખ લંબાવવામાં આવે તો તેઓના મતદાર યાદીમાં સમાવેશ કરવાની પ્રક્રિયા અને આ અનુસંધાનમાં આગળ ઇલેક્શનની પ્રક્રિયા તમામ બાબતોનું શીડ્યુલ ખુબજ લંબાઇ શકે છે જે હિતાવહ નથી. આમ છતાં આપ સૌની લાગણીને ધ્યાનમાં લઇને એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને રજૂઆત કરવામાં આવશે.
- શ્રી જીતેન્દ્ર લાલ, શ્રી સુનિલ વડોદરીયા અને શ્રી વી. પી. વૈષ્ણવે માનનીય મુખ્યમંત્રી શ્રી સાથે રીજનલ ચેમ્બરના પ્રતિનિધિઓની મિટિંગ કરવા અંગે રજૂઆત કરી હતી.
- શ્રીમતી મીના કાવીયા એ માસ્ક અને ગ્લોવ્ઝ ના જે અનરીઝનેબલ ભાવ લેવામાં આવે છે તે અંગે રજૂઆત કરવા અને ચોક્કસ ભાવ નક્કી કરવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત તેમણે ઉદ્યોગ ખોલવાની મંજુરી આપેલ છે પણ ત્યાં કારીગરોને આવવા-જવા ઘણી મુશ્કેલીઓ છે તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી હિતેન વસંતે લોક-ડાઉનના સમયમાં કેન્દ્ર સરકારની જેમ રાજ્યે પણ ટોલ ટેક્ષ ના લેવો જોઇએ અને ટ્રાન્સપોર્ટરો દ્વારા લેવામાં આવેલ વીમાની તારીખ લંબાવી આપવી જોઇએ તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી સચિન પટેલે કર્મચારીઓના પગારની ચૂકવણી અંગે રજૂઆત કરી હતી.
- શ્રી ભાવેશ લાખાણીએ લોક-ડાઉનના સમયમાં જરૂરી કામગીરી માટે ઇસ્યુ કરવામાં આવેલ પાસની મુદ્દત પૂરી થતી હોવાથી આ જ પાસ તા. ૩ મે, ૨૦૨૦ સુધી એકસટેન્ડ કરી આપવી જોઇએ તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું. આના પ્રત્યુત્તરમાં શ્રી સંજીવ છાજરે અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીને રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.
- શ્રી સૌરીન પરિખે જે વિસ્તારોમાં કોરોના વાયરસની અસર ઓછી છે તે વિસ્તારમાં આવેલ ઉદ્યોગ અને તેમાં કામ કરતાં કારીગરો ઇનહાઉસ જ હોય તો તેવા ઉદ્યોગોને ચાલુ કરવાની પરવાનગી આપવી જોઇએ તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી મદનલાલ જયસવાલે જીએસટી, ઇન્કમટેક્ષ અને કર્મચારીઓના પગાર ચૂકવવાના વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.
- શ્રી જૈમિન વસાએ COVID-19 ના લીધે MSME ઉદ્યોગોના વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી અને સરકારમાં ગુજરાત ચેમ્બર દ્વારા રજૂઆત કરવા સૂચન કર્યું હતું જેમાં કર્મચારીના પગાર ચૂકવવા અંગે, ઓછા વ્યાજે લોન આપવા, ઓર્ડર કેન્સલ થયા છે તે બાબતો ધ્યાનમાં લઇને ઉભા થતાં પ્રશ્નો અંગે, સરકાર દ્વારા સહાય કરવા જેવા પ્રશ્નોનો સમાવેશ થાય છે.
- શ્રી બિપેન્દ્રસિંહજી એ સરકાર દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પાસ અંગે રજૂઆત કરી હતી.
- શ્રી નયનભાઇ શેઠે જીએસટીની સંપૂર્ણ માફીને બદલે મીનીમમ જીએસટીની રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી વી. પી. વૈષ્ણવે MSME એકમોનો સરકાર દ્વારા સોફ્ટ લોન આપવી જોઇએ તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.

- શ્રી નિલેશભાઇ દેસાઇએ ઇન્સ્યોરન્સની સમય મર્યાદા લંબાવવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી નરેન્દ્ર સોમાણીએ હોટલ ઉદ્યોગમાં કર્મચારીના પગારની ચૂકવણીના પ્રશ્નોની રજૂઆત કરી હતી.
- શ્રી જીતેન્દ્ર લાલે શિપીંગ ઉદ્યોગના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.
- શ્રી યોગેશ પરીખે MSME ની ડેફીનેશન અંગે નોટીફીકેશન જાહેર કરવા અને જીએસટીના રીફંડ ત્વરિત મળે તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નયન શેઠે સરકાર દ્વારા આ અંગે ઓર્ડર કરી દેવામાં આવ્યો છે તેવું જણાવ્યું હતું.
- શ્રી અનિલ સંઘવીએ COVID-19 અને લોક-ડાઉનને લઇને ચેમ્બરનું ઇલેક્શન સમયસર થઇ શકે તેમ ના જણાતા વર્તમાન હોદ્દેદારોની મુદ્દત લંબાવવા એમ્પાવર્ડ એપેક્ષ કમિટિને રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- શ્રી કૈલાસ ગઢવીએ લીગલ બાબતોની મુદ્દતોને એક્સ્ટેન્શન આપવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું અને આઇ.ટી. વિભાગ દ્વારા બેન્ક એકાઉન્ટ સીઝ કરવામાં આવે છે તે ના કરવા રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- શ્રી મોહનીશ ભલ્લાએ લોક-ડાઉનના સમયમાં કેન્દ્ર સરકાર દ્વારા રીફંડ કલીયર કરવામાં આવ્યું છે તેવી જ રીતે ગુજરાત સરકારે પણ રીફંડ અંગે કાર્યવાહી કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- શ્રી ભાવેશ લાખાણીએ કોરોના વાયરસને લીધે લોક-ડાઉનના સમયમાં ડોક્ટર, નર્સો અને મેડીકલ ઓફીસરો દ્વારા તમામ પોલીસ કર્મચારીઓ દ્વારા અને સફાઇ કામદારો દ્વારા જીવના જોખમે જે કામગીરી કરે છે અને પોતાની ફરજ બજાવે છે તેને બિરદાવવા જોઇએ અને આ અંગેનો ઠરાવ કરવો જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રી અને ઉપસ્થિત સર્વ સભ્યોએ સંમતિ આપી નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૩**

વર્તમાન સમયમાં ફેલાયેલા કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં લઇને જે લોક-ડાઉન જાહેર કરવામાં આવ્યું છે તેવા સમયમાં પ્રજાના હિતમાં અને પ્રજાના આરોગ્યને ધ્યાનમાં લઇને ડોક્ટરો, નર્સો અને વિવિધ મેડીકલ કર્મચારીઓ દ્વારા, પોલીસ વિભાગના તમામ કર્મચારીઓ અને સફાઇ કર્મચારીઓ દ્વારા જે કામગીરી કરવામાં આવે છે અને તેઓ આ મુશ્કેલીના સમયમાં જીવના જોખમે લોકોના હિતમાં ફરજો બજાવે છે તેને આજની કારોબારી સમિતિની સભા પ્રસંશા કરી બિરદાવે છે અને આ અંગે ઠરાવ પાસ કરે છે.

- શ્રી ધવલ આચાર્યએ ટુરીઝમ વિભાગ દ્વારા હોટલ ઇન્ડસ્ટ્રીઝ શરૂ કરવાની અરજીની છેલ્લી તા. ૩૧ માર્ચ હતી તેની તારીખ લંબાવવી જોઇએ અને વર્તમાન સમયને ધ્યાનમાં લઇને સબસીડીનો લાભ આપવા રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી અશોકભાઇએ લોક-ડાઉનના સમયમાં ઉદ્યોગો બંધ છે ત્યારે મીનીમમ લાઇટબીલ ભરવા પડે તેવી રજૂઆત કરવા સૂચન કર્યું હતું. આના પ્રત્યુત્તરમાં શ્રી નટુભાઇએ જી.ઇ.બી. દ્વારા ફીક્સ ચાર્જ લેવામાં આવશે નહીં તેવી જાહેરાત કરવામાં આવી છે પરંતુ પ્રાઇવેટ ડીસ્કોમને ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવશે તેમ જણાવી એનર્જી કમિટિના ચેરમેનને વિગતો મોકલી આપવાની સૂચના આપી હતી.
- શ્રી જીતેન્દ્રભાઇ અને શ્રી મિહીરભાઇ દ્વારા ગુજરાત રાજ્યના માનનીય ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે આ અંગે સંમતિ આપી છે તેમ જણાવ્યું હતું.
- સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલ દ્વારા વિન્ડમીલ અને સોલરના પ્રશ્નો અંગે પણ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

<u>**આઇટેમ નં. ૬**</u>

➢ ઔદ્યોગિક એકમો પાસેથી લેવામાં આવતી સીક્યોરીટી ડીપોઝીટના પ્રશ્નો ચેમ્બરમાં મોકલી આપવા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

<u>**આઇટેમ નં. ૭**</u>

➢ ગુજરાત ચેમ્બરની પ્રિમાઇસીસમાં આવેલ ચેમ્બરની માલીકીના હોર્ડીંગ્સને ભાડે આપવા અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવા પ્રમુખશ્રીએ શ્રી પથિક પટવારીને વિનંતી કરી હતી.

➢ શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે :-

- ચેમ્બરની પ્રિમાઇસીસમાં આવેલ ચેમ્બરના બે હોર્ડીંગ જે એવરેસ્ટ પબ્લીસીટીને ભાડે આપેલ અને ઘણાં સમયથી તેમનું ભાડું આવ્યું નથી. આ ઉપરાંત તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પણ નાણાં ચૂકવેલ નથી. તેની સામે ચેમ્બર દ્વારા નોટીસ આપવામાં આવેલી છે જેની વિગતો અને મંજુરી અગાઉ કારોબારી સમિતિની મિટિંગમાં લેવામાં આવી હતી. આ હોર્ડીંગ્સ અત્યારે એમ જ પડી રહેલ છે તો તેનું ભાડું આવે તે બાબતને ધ્યાનમાં લઇને હેત ગ્રાફીક્સને પાંચ વર્ષ માટે ભાડે આપીએ જેમાં પહેલા ત્રણ વર્ષ વાર્ષિક રૂપિયા ૭,૫૦,૦૦૦/- અને પછીના બે વર્ષે ૫% ના વધારા સાથે આપવાનું મંજુર હોય તો નક્કી કરીએ. આ રકમ એડવાન્સમાં લેવામાં આવશે. તેની સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બાકી નાણાં પણ ચેમ્બરનું જે ભાડુ આવે તેમાંથી બાદ કરીને ચૂકવે તે શરતે આપવાનું નક્કી કરવામાં આવ્યું.
- શ્રી જીગીશભાઇ શાહે જણાવ્યું હતું કે હોર્ડીંગ ભાડે આપવાનો એગ્રીમેન્ટ કરવામાં આવે ત્યારે ભાડુઆત દ્વારા ઇન્સ્યોરન્સનો સમાવેશ કરવા સૂચન કર્યું હતું.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યો દ્વારા હેત ગ્રાફીક્સને હોર્ડીંગ ભાડે આપવા અંગે સર્વાનુમતે મંજુરી આપી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

**ઠરાવ નં. ૪**

આથી ઠરાવવામાં આવે છે કે ચેમ્બરની પ્રિમાઇસીસમાં આવેલ ચેમ્બરની માલીકીના બે હોર્ડીંગ્સ હેત ગ્રાફીક્સને પાંચ વર્ષ માટે વાર્ષિક રૂા.૭,૫૦,૦૦૦/- થી ભાડે આપવામાં આવે છે જેમાં પ્રથમ ત્રણ વર્ષ વાર્ષિક રૂા. ૭,૫૦,૦૦૦/- થી અને બાકીના બે વર્ષ ૫% વધારો કરવામાં આવશે અને આ તમામ રકમ એડવાન્સ લેવામાં આવશે. આ શરતોએ ભાડે આપવાનું સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

**આઇટેમ નં. ૮**

**પ્રમુખ સ્થાનેથી**

(૧) વર્તમાન સમયમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID-19 ના અનુસંધાનમાં ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવેલ રાહત કાર્યોની વિગતો આપવા શ્રી નટુભાઇએ શ્રી સંજીવ છાજરને વિનંતી કરી હતી.

- સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે કોરોના વાયરસ COVID-19 અને લોક-ડાઉન ને લીધે વેપાર-ઉદ્યોગના જે પ્રશ્નો ઉભા થયા હતા તે પૈકી ૩૨ જેટલી રજૂઆત ગુજરાત ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર માં રજૂઆતો કરવામાં આવી છે.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમદાવાદના પોલીસ કમિશ્નરશ્રી અને ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના સચિવ શ્રી જયંતિ રવિ ગુજરાત ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ બુચ અને શ્રી પથિકભાઇ સાથે સતત સંપર્કમાં રહ્યા છે. તેમણે ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી ની જાણ માનનીય મુખ્યમંત્રીશ્રીને કરી છે અને તેમના દ્વારા ગુજરાત ચેમ્બરની કાર્યવાહીની પ્રસંશા કરવામાં આવી છે.
- શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીમાં એક CSR અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી અને બીજી ટ્રેડ અને વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે વિવિધ વિભાગમાં રજૂઆત કરવામાં આવી હતી. આમ તમામ કાર્યવાહી બે વિભાગોમાં કરવામાં આવી હતી.
- આ સંદર્ભમાં અમદાવાદના પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટીયા સાથે અને આસીસ્ટન્ટ પોલીસ કમિશ્નર શ્રી આર. જી. ભાવસાર, શ્રી કે. એલ. મકવાણા અને શ્રી ડી. વી. પટેલ સાથે એક મિટિંગ થઇ હતી અને તે મિટિંગમાં નક્કી થયા મુજબ રાહતના કાર્યો કરવામાં આવ્યા હતા જેમાં જરૂરિયાતમંદ લોકોને ફુડ પેકેટો પહોંચાડવામાં આવ્યા.
- લોક-ડાઉન સમયે પોલીસ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે તેમના માટે ગુજરાત ચેમ્બર દ્વારા ચા-નાસ્તો, છાશ અને લીંબુપાણીની વ્યવસ્થા કરવામાં આવી. આમાં ફુડ કમિટિના સભ્યોએ સહકાર આપ્યો છે.
- ગુજરાત ચેમ્બર, ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ, ઇન્ડિયન સોસાયટી ફોર ક્રીટીકલ કેર એક્સપર્ટસ અને ઇન્ડિયન મેડીકલ એસોસીયેશનના સંયુક્ત ઉપક્રમે મેડીકલ ઓફીસરોને વેન્ટીલેટર ઓપરેટિંગ માટેની ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ-૮૦૦ મેડીકલ ઓફીસર્સ, પેરા મેડીકલ, આયુષ વિગેરેના સ્ટાફને શહેરના ૫૦ જેટલા નામાંકિત ડોક્ટરો દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી. આ ૧૫ દિવસ માટે ટ્રેનિંગ રાખવામાં આવી હતી. આ ટ્રેનિંગ દ્વારા ગુજરાતમાંથી ૫૦૦૦ જેટલા મેડીકલ સ્ટાફને ટ્રેનિંગ આપવામાં આવી છે.
- ગુજરાત ચેમ્બર અને ઇન્ડિયન મેડીકલ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં પોલીસ કર્મચારીઓનું મેડીકલ ચેક-અપ માટેનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૦ થી વધુ ડોક્ટરોની ટીમે અમદાવાદના અલગ અલગ વિસ્તારમાં થઇને ૧૦,૦૦૦ પોલીસ

કર્મચારીઓનું ચેક-અપ કરવામાં આવ્યું. જેમાં ૫૨ પોલીસ સ્ટેશનો, ૧૪ ટ્રાફીક પોલીસ સ્ટેશનો, હેડ ક્વાર્ટર અને ક્રાઇમ બ્રાન્ચનો સમાવેશ થાય છે.

- આ પ્રકારના મેડીકલ ચેક-અપ ના કાર્યક્રમનું આયોજન રીજનલ ચેમ્બરો દ્વારા પણ કરવામાં આવ્યું છે.
- ચેમ્બરના સભ્યો દ્વારા કોરોના વાયરસ COVID-19 આનુષંગિક જે દવાઓ ડોનેશન સ્વરૂપે આપવામાં આવી તેમજ માસ્ક અને સેનેટાઇઝર્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મામલતદાર ઓફીસના સ્ટાફ સભ્યો માટે ચા-નાસ્તા માટે વ્યવસ્થા કરવામાં આવી.
- મામલતદાર ઓફીસના સભ્યોનું હેલ્થ ચેક-અપ કરવામાં આવ્યું.
- ઇમરજન્સીના કેસમાં સર્ટિફીકેટ ઓફ ઓરીજીન પણ ઇસ્યુ કરવામાં આવ્યા.
- સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇએ ચેમ્બરના સભ્ય ટોરેન્ટ ફાર્મા લીમીટેડ, લિંકન ફાર્મા અને કોરોના ફાર્મા જેમણે દવાઓ આપી સહયોગ આપ્યો તેમનો આભાર માન્યો હતો.
- શ્રી નટુભાઇએ પાલનપુર ખાતે જે ટ્રેનિંગ અને મેડીકલ ચેકપનું જે આયોજન કરવામાં આવ્યું હતું તેની માહિતી આપવા શ્રી દિલીપભાઇને વિનંતી કરી હતી.
- શ્રી દિલીપભાઇએ જણાવ્યું હતું કે પાલનપુર અને બનાસકાંઠાના છેવાડાના વિસ્તારોને આવરી લઇ ૩૮૫ જેટલા પોલીસ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું જ્યારે ૧૪૫૦ મેડીકલ ઓફીસરોને ટ્રેનિંગ આપવામાં આવી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરની ફુડ કમિટિ દ્વારા અંદાજે ૨૦,૦૦૦ જેટલા નમકીન અને સ્વીટના પેકેટો ડોનેશન સ્વરૂપે આપવામાં આવ્યા હતા જેનું ચેમ્બર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ માટે પ્રમુખશ્રીએ ફુડ કમિટિના ચેરમેન અને સભ્યોનો આભાર માન્યો હતો.
- ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલે મેડીકલ સ્ટાફને ટ્રેનિંગ આપવાનું સંપૂર્ણ આયોજન ડો. તુષારભાઇ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમણે અંગત રસ લઇને આ બાબતે ખુબજ મહેનત કરી હતી તેમ જણાવી તેમને અભિનંદન આપ્યા હતા.
- પ્રમુખશ્રી COVID-19 ના અનુસંધાને કરવામાં આવી રહેલ CSR પ્રવૃત્તિ માં કારોબારી સમિતિના સભ્યો દ્વારા જે આર્થિક સહયોગ આપવામાં આવ્યો તે માટે તેમનો આભાર માન્યો હતો.
- શ્રી ભાવેશ લાખાણીએ આ ફંડમાં વધુ રૂા. ૧ લાખ આપવાની જાહેરાત કરી હતી.
- શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે ૩૧૦૦ COVID-19 ટેસ્ટીંગ કીટ ગુજરાત ચેમ્બર દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારને ડોનેટ કરવામાં આવી જેની માહિતી આપવા શ્રી પથિકભાઇ પટવારીને વિનંતી કરી હતી.
- શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા ૧૪ કંપનીને ટેસ્ટીંગ કીટ માટે ક્વોલીફાઇડ ગણવામાં આવી છે જેની સામે ૩ કંપની ૧૦૦ ટકા રીઝલ્ટ આપે તેવી કીટ બનાવે છે જેમાં કોરીયાની કંપની સૌથી ફાસ્ટ ૭૦ મીનીટમાં જ રીઝલ્ટ આપે તેવી કંપની પાસેથી રૂા. ૫૦ લાખની કોમર્શિયલ કિંમતની ૩૧૦૦ ટેસ્ટ થઇ શકે તેવી કીટ ગુજરાત સરકારને ડોનેશન સ્વરૂપે આપવામાં આવી છે. આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે ચેમ્બરના હોદ્દેદારોની મિટિંગનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

- શ્રી નટુભાઇ પટેલે જણાવ્યું હતું કે VFS ને જે ઓફીસો ભાડે આપવામાં આવી છે તેમના દ્વારા વિનંતી કરવામાં આવી છે કે લોક-ડાઉનના સમયમાં ધંધો બંધ હોવાને લીધે બધીજ ઓફીસનું બે માસનું ભાડુ ના લેવા તેમના દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ સામે ગુજરાત ચેમ્બરના પ્રમુખ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી છે.
- શ્રી જીગીશભાઇ શાહે લોક-ડાઉન ખુલશે ત્યારે VFS માં જે પણ પેન્ડીંગ અરજીઓ હશે તે તમામની કાર્યવાહી થશે. એટલે તેમનો બીઝનેસ અત્યારે નથી પરંતુ બે મહિના બાદ આ બીઝનેસ થવાનો જ છે તે ધ્યાનમાં લઇને તેમણે રાહત ના આપવી જોઇએ તેમ સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ કારોબારી સમિતિને આ અંગે યોગ્ય નિર્ણય લેવાની સતા હોદ્દેદારોને આપવા વિનંતી કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ VFS દ્વારા કરવામાં આવેલ ભાડુ ના લેવાની વિનંતી અંગે યોગ્ય નિર્ણય લેવાની સત્તા ઉપસ્થિત સભ્યો દ્વારા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

(૨) તા. ૮-૪-૨૦૨૦ના રોજ કેન્દ્રના માનનીય કાપડ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાની સાથે video conferencing થી મિટિંગ કરવામાં આવી હતી. આ મિટિંગની માહિતી આપતા શ્રી પથિક પટવારી જણાવ્યું હતું કે આ મિટિંગમાં મુખ્યત્વે લેબરના પ્રશ્નો, ઓર્ડર કેન્સલ થવાથી ઉભા થતાં પ્રશ્નો, આઉટસ્ટેન્ડીગ પેમેન્ટ, કર્મચારીઓના પગારના પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત COVID-19 પછી પણ ઉભા થનારા પ્રશ્નો અંગે એક કમિટિની રચના કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારની આ કમિટિમાં ગુજરાત ચેમ્બર દ્વારા ફાઇનાન્સને લગતી કમિટિમાં શ્રી નીતીન ઠક્કર અને પ્રોડક્શન અને લોજીસ્ટીકની કમિટિમાં શ્રી રાહુલ શાહને નામિત કર્યા છે.

પ્રમુખશ્રીએ ચેમ્બરમાં વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે તેમ જણાવી સૌને ભાગ લેવા વિનંતી કરી હતી.

અંતમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે લોક-ડાઉનની મુદ્દત લંબાવવામાં આવતા એપ્રિલ માસની કારોબારી સમિતિની મિટિંગ પણ video conferencing થી કરવામાં આવશે.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પુરી થયેલી જાહેર કરી હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષર: એ

**(તા.૨૬-૨-૨૦૨૦ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી સંજીવ છાજર
૪. શ્રી દિલીપ પાધ્યા
૫. શ્રી પથિક પટવારી
૬. ડો. જૈમિન વસા
૭. શ્રી પ્રદિપ વોરા
૮. શ્રી રોહિત પટેલ
૯. શ્રી જીગીશ શાહ
૧૦. શ્રી ભાવેશ લાખાણી
૧૧. શ્રી જૈનિક વકીલ
૧૨. શ્રી સચિન પટેલ
૧૩. શ્રી બકુલ પંડયા
૧૪. શ્રી નિલેષ દેસાઇ
૧૫. શ્રી શૈશવ શાહ
૧૬. શ્રી ત્રિલોક પરીખ
૧૭. શ્રી અનુજ પટેલ
૧૮. શ્રી કનુભાઇ અગ્રવાલ
૧૯. શ્રી ગણેશ નાદાર
૨૦. શ્રી અંબરભાઇ પટેલ
૨૧. શ્રી જતિન ત્રિવેદી
૨૨. શ્રીમતી અર્ચના ગુપ્તા
૨૩. શ્રી હેમંત શાહ
૨૪. શ્રી કે. આઇ. પટેલ
૨૫. શ્રી બિપીન શાહ
૨૬. શ્રી જીતેન્દ્ર લાલ
૨૭. શ્રી નયન શેઠ
૨૮. શ્રી કૌશિક પટેલ
૨૯. શ્રી દિગંત સોમપુરા
૩૦. શ્રી હિતેન વસંત
૩૧. શ્રી યોગેશ પરીખ
૩૨. શ્રી સુરેશ ત્રિવેદી
૩૩. શ્રી નવરોઝ તારાપોર
૩૪. શ્રી મોહનીશ ભલ્લા
૩૫. શ્રી આસીત શાહ
૩૬. શ્રી અશોક પટેલ
૩૭. શ્રી હિમાંશુ વ્યાસ
૩૮. શ્રી લાખાભાઇ કેશવાલા
૩૯. શ્રી કિરીટભાઇ શાહ
૪૦. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૪૧. શ્રી યોગેશ શ્રીધર
૪૨. શ્રી અમિત પરીખ
૪૩. શ્રી ધીરેન્દ્ર દોશી
૪૪. શ્રી દિનેશ ગુપ્તા
૪૫. શ્રી મિહીર પટેલ
૪૬. શ્રી નરેન્દ્ર સોમાણી
૪૭. શ્રી સ્નેહલ લાવસી
૪૮. શ્રી સૌમિલ પુરોહિત
૪૯. શ્રી અંકિમ પટેલ
૫૦. શ્રી અજય પટેલ
૫૧. શ્રી પ્રદિપ જૈન
૫૨. શ્રી ધવલ આચાર્ય
૫૩. શ્રી હિરેન ગાંધી
૫૪. શ્રી ઉદિત દીવેટીયા
૫૫. શ્રી પ્રદિપ જૈન
૫૬. શ્રી બંદીશ સોપારકર
૫૭. શ્રીમતી મીના કાવીયા
૫૮. શ્રી ભૂપેન્દ્ર પટેલ
૫૯. શ્રી શ્રેણીક મર્ચન્ટ
૬૦. શ્રી જીગીશ દોશી
૬૧. શ્રી આશીષ ઝવેરી
૬૨. શ્રી દેવાંગ ડોકટર
૬૩. શ્રી સૌરીન પરીખ
૬૪. શ્રી કૈલાસ ગઢવી
૬૫. શ્રી ચેતન શાહ
૬૬. શ્રી અંકિત તલાટી
૬૭. શ્રી અરવિંદ પટેલ
૬૮. શ્રી અનિલ સંઘવી
૬૯. શ્રી પ્રતાપ ચંદન
૭૦. શ્રી બિપેન્દ્રસિંહજી
૭૧. શ્રી સુનીલ વડોદરીયા
૭૨. શ્રી વી. પી. વૈષ્ણવ
૭૩. શ્રી ચિરંજીવ પટેલ
૭૪. શ્રી મદનલાલ જયસવાલ
૭૫. શ્રી અપૂર્વ શાહ
૭૬. શ્રી ગૌરાંગ ભગત

## એનેક્ષર-બી

મંજુર થયેલા સભ્યોની યાદી

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Unity Enterprise | Jivraj Patel | Local-Firm |
| 2. | RNC Polymers Pvt Ltd | Anuj Choudhary | Local-Pvt.Ltd. |
| 3. | M.J. Surgical | Girish Barochia | Local-Firm |
| 4. | Grainspan Nutrients Pvt Ltd | Sampatraj Chowdhary | Local-Pvt.Ltd. |
| 5. | Aaryan Build Infra LLP | Tanay Shah | Local-Firm-LLP |
| 6. | Umang & Nakul | Nakul Thakkar | Local-Firm |
| 7. | True Value Nirman Pvt Ltd | Manish Shah | Local-Pvt.Ltd. |
| 8. | Mehta Cad Cam Systems Pvt. Ltd. | Shailesh Mehta | Local-Pvt.Ltd. |
| 9. | Aakash Dye Chem | Navin Patel | Local-Patron |
| 10. | Shayona Overseas | Navin Patel | Local-Patron |
| 11. | Nichem Industries Unit-3 | Hitesh Patel | Local-Patron |
| 12. | Blue Lotus Luxury Homes | Nisarg Patel | Local-Firm |
| 13. | Arham Polymers Pvt Ltd | Dhanpat Malu | Local-Pvt.Ltd. |

## એનેક્ષર-સી

**મંજૂર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Caps & Seals Industries | Urvesh Shah Bharat Shah | Urvesh Shah Shitalben U. Shah |

**મંજૂર થયેલ પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Dynamic Overseas (I) Pvt Ltd | Cerecon Biosciences Pvt Ltd | No |

**મંજુર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Neocon Industries | 3-GF, Sai Prasad Appartment,Usmanpura Cross road, Ashram Road,Ahmedabad | Block No.1160, Vill-Moti Bhoyan, Ta-Kalol, Gandhinagar |
| 2. | MP Financial Services | 802, President House, Ambawadi, Ahmedabad | 309, Shivalik Shilp, Ambli-Bopal Road, S G Highway, Ahmedabad |
| 3. | Trinity Construction | B-6, Shivani Appt. Ambawadi, Ahmedabad | 806, Supath Vijay Char Rasta, Navrangpura-Ahmedabad |
| 4. | Caps & Seals Industries | 9/A-B B/h. Sakar Health Care, Changodar, Sanand Ahmedabad | C-18, Arvind Mega Park, Moriya Ahmedabad |

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ માર્ચ થી ૧૫ એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| બુધવાર | તા. ૨૫-૩-૨૦૨૦ | -- | GCCI ના હોદ્દેદારોની અમદાવાદના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયા સાથે COVID-19 અનુસંધાને મળેલ મિટિંગ. |
| ગુરુવાર | તા. ૨૬-૩-૨૦૨૦ | બપોરે ૩-૦૦ કલાકે | GCCI ના હોદ્દેદારો, અમદાવાદના અગ્રણી ડોક્ટરો અને અમદાવાદના દરેક ઝોનના આસીસ્ટન્ટ પોલીસ કમિશ્નરો સાથે COVID-19 અનુસંધાને પોલીસના કર્મચારીના મેડીકલ ચેકઅપ અને રાહતના કાર્ય અંગે મળેલ મિટિંગ. |
| બુધવાર | તા. ૮-૪-૨૦૨૦ | બપોરે ૧-૦૦ કલાકે | કેન્દ્રના માનનીય કાપડ મંત્રી શ્રીમતી સમૃતિ ઇરાની સાથે COVID-19 ને લીધે કાપડ ઉદ્યોગના પ્રશ્નો અંગે કરેલ વિડીયો કોન્ફરન્સ મિટિંગ. |
| શુક્રવાર | તા. ૧૦-૪-૨૦૨૦ | સાંજે ૪-૦૦ કલાકે | રીજનલ કાઉન્સીલના સભ્યો સાથે વિડીયો કોન્ફરન્સ મિટિંગ. |
| સોમવાર | તા. ૧૩-૪-૨૦૨૦ | બપોરે ૧૧-૩૦ કલાકે | GCCIની સ્ટાર્ટ-અપ કમિટિ દ્વારા યોજવામાં આવેલ વેબીનાર કાર્યક્રમ. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- કોરોના વાયરસ મહામારીના અસરને ધ્યાનમાં રાખતાં વેટ એક્ટ અને સેન્ટ્રલ એક્ટ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ માટે વેપારીઓ દ્વારા ફાઇલ કરેલ રીટર્ન સ્વીકારી એસેસમેન્ટ ઓર્ડર આપવા અંગે ગુજરાત રાજ્યના નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (તા.૨૧-૩-૨૦૨૦)
- જીએસટી કાયદા અંતર્ગત છુટછાટો આપવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત (તા.૨૧-૩-૨૦૨૦)
- માસ્ક, સેનીટાઇઝર, PPE અને COVID-19 ના ટેસ્ટીંગ કીટને જીએસટી માંથી સંપૂર્ણ મુક્તિ આપવા માટે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી, માનનીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઇ પટેલ, ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકીમ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને અન્ય સંલગ્ન અધિકારીઓને પાઠવેલ રજૂઆત. (તા.૨૩-૩-૨૦૨૦)
- એગ્રીકલ્ચરલ ઇનપુટ ના ઉત્પાદન સાથે સંલગ્ન ઉદ્યોગોને લોક-ડાઉન વખતે કાર્યરત રહેવાનું એક્ઝામ્પશન આપવા અંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તેમજ ચીફ સેક્રેટરી શ્રી અનિલ મુકિમ અને અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને પાઠવેલ રજૂઆત. (તા.૨૫-૩-૨૦૨૦)
- ફેક્ટરીની સલામતી અંગેની ખાતરી કરવા માટે બે ઉચ્ચ અધિકારીઓ અથવા માલીકોને ફેક્ટરીની મુલાકાત લેવા મંજુરી આપવા અંગે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને પાઠવેલ રજૂઆત. (તા.૨૬-૩-૨૦૨૦)
- ફાર્માસ્યુટીકલ ઉદ્યોગમાં વપરાતો કાચો માલ અને ઇંધણ લઇ જતાં વાહનોને અવર-જવરની છુટછાટ આપવા અંગે અમદાવાદના પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયાને પાઠવેલ રજૂઆત. (તા.૨૮-૩-૨૦૨૦)
- એગ્રીકલ્ચરલ ઇનપુટ જેવા કે ખાતર પેસ્ટીસાઇડ અને બિયારણ વિગેરેના ઉત્પાદન સાથે સંલગ્ન ઉદ્યોગોને લોક-ડાઉન વખતે કાર્યરત રહેવાનું એક્ઝામ્પશન આપવા અંગે ગુજરાત સરકારના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને પાઠવેલ રજૂઆત. (તા.૨૮-૩-૨૦૨૦)
- ચા બનાવતી કંપનીઓને ગુજરાતભરમાં તેમનું ઉત્પાદન પહોંચાડવા એકથી વધુ વાહનોને મંજુરી આપવા અંગે અમદાવાદના કલેક્ટર શ્રી કે. કે. નિરાલાને પાઠવેલ રજૂઆત. (તા.૩૦-૩-૨૦૨૦)
- સેલેરી અંગેનું પ્રોસેસિંગ કરવા માટે ઉદ્યોગોના ફાઇનાન્સ/એકાઉન્ટ્સ ડીપાર્ટમેન્ટમા કાર્યરત કામદારોને આવવાની મંજુરી આપવા અંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, ઉદ્યોગ કમિશ્નર

ડો. રાહુલ ગુપ્તા, શ્રી ભવ્ય વર્મા, અમદાવાદના કલેક્ટર શ્રી કે. કે. નિરાલા અને પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટીયાને પાઠવેલ પત્ર. (તા.૧-૪-૨૦૨૦)

- નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અને ૧૪૧ અંતર્ગત લોક-ડાઉનના સમય સુધી ક્રીમીનલ એક્શન ન લેવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રીશ્રી શ્રીમતી નિર્મલા સીતારમન અને રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાન્તા દાસને પાઠવેલ રજૂઆત. (તા.૧-૪-૨૦૨૦)
- માસ્ક, સેનીટાઇઝર, PPE અને COVID-19 ના ટેસ્ટીંગ કીટને જીએસટી તેમજ ઇનપુટ ડયુટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા માટે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ ને પાઠવેલ રજૂઆત. (તા.૨-૪-૨૦૨૦)
- માસ્ક, સેનીટાઇઝર, PPE અને COVID-19 ના ટેસ્ટીંગ કીટને સ્ટેટ જીએસટી માંથી સંપૂર્ણ મુક્તિ આપવા માટે ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, અગ્ર સચિવ શ્રી અનિલ મુકીમ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિ, ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ અને ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ,ગુજરાત શ્રી જે. પી. ગુપ્તાને પાઠવેલ રજૂઆત. (તા.૨-૪-૨૦૨૦)
- શ્રી એસ. પી. વર્મા, જોઇન્ટ કમિશ્નર, ટેક્ષટાઇલ કમિશ્નરની ઓફીસ, મુંબઇને લોક-ડાઉન પછી ટેક્ષટાઇલ ઉદ્યોગની પરિસ્થિતિ અને સહાય અંગે પાઠવેલ સૂચનો(તા.૪-૪-૨૦૨૦)
- લોક-ડાઉન દરમ્યાન પગાર/મહેનતાણું ચૂકવવા અંગે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ પત્ર. (તા.૬-૪-૨૦૨૦)
- બેન્ક અને નાણાકીય સંસ્થાઓને MSME ના ડીલે પેમેન્ટના કીસ્સાઓમાં બ્રીજ ફંડીંગ આપવા અને ભારત સરકારના માનનીય MSME ના મંત્રી શ્રી નીતિન ગડકરી તેમજ માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત. (તા.૮-૪-૨૦૨૦)
- રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા રેપોરેટમાં સતત ઘટાડો કરવા છતાં પ્રાઇવેટ બેન્કો દ્વારા વ્યાજદર ન ઘટાડવા અંગે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન, રાજ્ય કક્ષાના નાણામંત્રી શ્રી અનુરાગ ઠાકુર, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાન્તા દાસ અને ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમને પાઠવેલ રજૂઆત. (તા.૮-૪-૨૦૨૦)
- COVID-19 અંગેના લોક-ડાઉન પછી આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવા અને ટેક્ષટાઇલ ઉદ્યોગને ચાલુ રાખવા અંગેની સહાય યોજના માટેના સૂચનો અંગે ભારત સરકારના ટેક્ષટાઇલ મંત્રાલયના સચિવ શ્રી રવિ કપુરને પાઠવેલ રજૂઆત. (તા.૮-૪-૨૦૨૦)
- માંદા એકમોને મળવાપાત્ર રૂા.૧/- ની પાવર સબસીડીને વધારીને રૂા.૨/- કરવા અંગે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસને પાઠવેલ પત્ર. (તા.૧૦-૪-૨૦૨૦)
- સુર્ય ગુજરાત રૂફટોપ યોજના ૨૦૧૯ અંતર્ગત મળવાપાત્ર સબસીડીને ત્વરિત ધોરણે આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવા ગુજરાત સરકારના માનનીય ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (તા.૧૦-૪-૨૦૨૦)
- ગુજરાત સરકારના વિવિધ ડીપાર્ટમેન્ટ વચ્ચે સમન્વય સ્થાપિત કરવા અંગે ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમને પાઠવેલ પત્ર. (તા.૧૧-૪-૨૦૨૦)
- ચીફ મીનીસ્ટર્સ રીલીફ ફંડ અને સ્ટેટ રીલીફ ફંડ ફોર COVID-19 માં આપેલ ફાળાની રકમને કંપનીઝ એક્ટ-૨૦૧૩ અંતર્ગત CSR ખર્ચ તરીકે ગણવા ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પાઠવેલ રજૂઆત (તા.૧૨-૪-૨૦૨૦)
- વેરા સમાધાન યોજના ૨૦૧૯ અંતર્ગત નાણાં ચૂકવવા માટે તા. ૩૦-૯-૨૦૨૦ સુધીમાં ૧૧ સરખા હપ્તા થી ચૂકવવા અંગે મંજુરી આપવા ગુજરાત સરકારના માનનીય નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ તેમજ ગુજરાત સરકારના કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસને પાઠવેલ રજૂઆત. (તા. ૧૩-૪-૨૦૨૦)

## **૨.૪ અન્ય માહિતી**

**સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮<br>૩૯૪૨ | મે-૧૮<br>૩૯૮૧ | જુન-૧૮<br>૩૮૬૩ | જુલાઇ-૧૮<br>૩૫૫૨ | ઓગષ્ટ-૧૮<br>૩૮૩૫ | સપ્ટેમ્બર-૧૮<br>૩૨૬૬ | ઓક્ટોબર-૧૮<br>૩૬૧૮ |
| એપ્રિલ-૧૯<br>૩૬૫૪ | મે-૧૯<br>૩૮૦૭ | જુન-૧૯<br>૩૩૪૭ | જુલાઇ-૧૯<br>૩૭૯૬ | ઓગષ્ટ-૧૯<br>૨૦૧૯ | સપ્ટેમ્બર-૧૯<br>૩૩૫૮ | ઓક્ટોબર-૧૯<br>૩૪૯૫ |
| નવેમ્બર-૧૮<br>૩૧૫૧ | ડિસેમ્બર-૧૮<br>૩૩૩૫ | જાન્યુઆરી-૧૯<br>૩૮૨૧ | ફેબ્રુઆરી-૧૯<br>૩૬૯૫ | માર્ચ-૧૯<br>૩૯૦૫ | કુલ-૨૦૧૮-૧૯<br>૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯<br>૩૭૨૯ | ડિસેમ્બર-૧૯<br>૩૬૪૬ | જાન્યુઆરી-૨૦<br>૩૯૦૦ | ફેબ્રુઆરી-૨૦<br>૩૬૦૭ | માર્ચ-૨૦<br>૨૮૧૮ | કુલ-૨૦૧૯-૨૦<br>૩૩૮૪૦ | |

**અખબારી નિવેદનો :**

- વર્તમાન સમયમાં ફેલાયેલ કોરોના વાયરસની મહામારીમાં GCCI દ્વારા કરવામાં આવેલ રાહતના કાર્યો અંગે. (તા. ૩૧-૩-૨૦૨૦)

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

**નં. ૧** GCCI યુથ વિંગની વિડીયો કોન્ફરન્સથી મળેલ બોર્ડ મિટિંગ. (તા. ૯-૪-૨૦૨૦)

**૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**નં. ૧** અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સલાહકાર સમિતિની મળેલ મિટિંગમાં કારોબારી સમિતિના સભ્ય શ્રી પ્રતાપ ચંદનની ઉપસ્થિતિ.